# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-02-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ગાંધીધામ-આદિપુર વચ્ચે ચૌહરીકરણ લાઈન:

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ગાંધીધામ-આદિપુર વચ્ચેના 10.69 કિમીના સેક્શનમાં 'ચૌહરીકરણ' એટલે કે ત્રીજી અને ચોથી લાઇનનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે આગામી 10 ફેબ્રુઆરીએ 120 કિમીની ઝડપે ટ્રેન દોડાવીને હાઈ-સ્પીડ ટ્રાયલ લેવામાં આવશે.આ સાથે જ રેલવેએ સ્થાનિકોને ટ્રેકથી દૂર રહેવા અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી અમદાવાદ તરફથી આવતી ટ્રેનોને ભુજ જવા માટે ગાંધીધામ રેલવે સ્ટેશને જવું પડતું હતું અને ત્યાં એન્જિનની દિશા બદલવી પડતી હતી. હવે ગોપાલપુર ખાતે છાયાપુરી મોડલ જેવું નવું સ્ટેશન બનતા ટ્રેનો સીધી જ ભુજ જઈ શકશે અને પ્રવાસન સમયમાં 20 મિનીટની બચત થશે. ઉપરાંત અહીથી દર વર્ષે 70 મિલિયન ટનથી વધુ માલસામાનનું પરિવહન થાય છે. ચાર લાઇન થવાથી હવે માલગાડીઓ અને મુસાફર ટ્રેનોને અલગ ટ્રેક મળશે, જેથી માલના પરિવહનમાં ઝડપ આવશે અને લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે.જેનાથી ખાસ કરીને મીઠું, ખાતર અને કન્ટેનરની અવરજવર હવે વધુ સરળ બનશે.

--------------------------------------------------------------------------------------------

## ભુજ એરપોર્ટ-'ભારત ટેક્સી:

એરપોર્ટ ઓથોરિટી ઓફ - ઈન્ડિયા અને 'ભારત ટેક્સી' - વચ્ચે થયેલા એક સમજૂતી પત્ર બાદ હવે ભુજ એરપોર્ટ પર ઉતરતા મુસાફરો માટે ડ્રાઈવર સંચાલિત ટેક્સી સેવા શરૂ કરવામાં

આવશે. એરપોર્ટ ઓથોરિટીના ચેરમેન વિપિન કુમારની ઉપસ્થિતિમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ દ્વારા સંચાલિત 'ભારત ટેક્સી'એ દેશની પ્રથમ સહકારી ધોરણે ચાલતી ટેક્સી સેવા છે, જે ડ્રાઈવરોની પોતાની સહકારી સંસ્થા છે.આ સુવિધાથી મુસાફરોને નિશ્ચિત અને વાજબી ભાવે સુરક્ષિત મુસાફરી મળશે અને સ્થાનિક ડ્રાઈવરોને પણ આર્થિક રીતે સશક્ત બનાવી તેમને માલિકી હક આપવામાં આવશે.

કેન્દ્ર સરકારના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને વેગ આપવા માટે હાથ ધરાયેલી આ પહેલમાં ભુજ ઉપરાંત રાજકોટ, વડોદરા અને સુરત એરપોર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભુજ એરપોર્ટ પર આ સેવાનો પ્રારંભ થવાથી કચ્છમાં આવતા પ્રવાસીઓની સુવિધામાં વધારો થશે.

-----------------------------------------------------------------------------------

## લખપત તાલુકામાં માર્ગકામોનું લોકાર્પણ:

લખપત તાલુકામાં અમિયા-ઉગમશી ભાટી રોડ, શિણાપરથી માલડો રોડ તથા કનોજથી હાઈવે સુધીનો માર્ગને 375 લાખના ખર્ચે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે શ્રી જાડેજાએ કહ્યું કે, છેવાડાના વિસ્તારમાં વિકાસને લગતી ખૂટતી કડીઓ સાથે જળ વિકાસના કામો સતત ચાલુ રહેશે. અબડાસા વિસ્તારના ત્રણ તાલુકામાં અનેક માર્ગોનું નવીનીકરણ હાથ ધરાયું છે અને હજુ પણ વિકાસના કામો ચાલુ રહેશે.

-----------------------------------------------------------------------------------

## આદિપુર- વિદ્યાર્થીઓ માટે એસ.ટી.બસ સેવા:

આદિપુરની સરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એસ.ટી. બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ બસ સેવા વહેલી સવારે 6:30 વાગ્યે અંજારથી શરૂ થઈ છે. આ રૂટ દરમિયાન બસ શનિ મંદિર, ખાટુધામ મંદિર, કોલેજ ત્રણ રસ્તા ગોલાઈ અને

રામદેવપીર મંદિર જેવા મહત્વના પોઈન્ટ્સ પર ઉભી રહેશે. જેથી હવે વિદ્યાર્થીઓને અવરજવરમાં મોટી રાહત થશે, સમય બચશે અને અભ્યાસમાં સાનુકૂળતા રહેશે.

---

## મચ્છોયા આહીર-સમુહ લગ્નોત્સવ:

જીલ્લાના મચ્છોયા આહીર સમાજમાં આજે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે,જેમાં કુલ 704 નવદંપતીઓ પરંપરાગત રીત-રિવાજ સાથે લગ્નગ્રંથિથી જોડાશે.મહા મહિનામાં યોજાતા આ લગ્ન પ્રસંગે સમાજની બહેનો દ્વારા ગવાતા વિશિષ્ટ લગ્નગીતો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે જેમાં ગણેશ સ્થાપનથી લઈને જાનના વળામણા સુધીના દરેક પ્રસંગ માટે અલગ-અલગ ગીતોની પરંપરા આજે પણ જીવંત છે.સદીઓ જૂની લોકકલા અને સંસ્કારોનું પ્રદર્શન મચ્છોયા આહીર સમાજના લગ્ન પ્રસંગે જોવા મળે છે.

---

## જળસંગ્રહ વ્યવસ્થા:

જિલ્લામાં જળસંગ્રહની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે 'ધોળકિયા ફાઉન્ડેશન' અને કચ્છ જળધારા સેવા સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'જલમંદિર નિર્માણ યાત્રા–1' અંતર્ગત નવ દિવસ સુધી જિલ્લાના વિવિધ જળસ્ત્રોતો અને સંભાવિત સરોવર વિસ્તારોનું નિરીક્ષણ ચાલી રહ્યું છે. જેમાં પ્રથમ દિવસે ટીમે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી નજીક આવેલ હરિકૃષ્ણ શ્યામજી કૃષ્ણાવર્મા સરોવરનું ખાત મુહૂર્ત કર્યું હતું.

---

# કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી-કચ્છ મુલાકાત:

રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ તાજેતરમાં કચ્છની મુલાકાત લીધી હતી, જે દરમ્યાન તેમણે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના ભુજ સ્થિત નિવાસસ્થાને તેમના પરિજનો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ ઉપરાંત  પશ્ચિમ કચ્છના પોલીસ અધીક્ષક વિકાસ સુંડાના નિવાસસ્થાને જઈ ત્યાં કરવામાં આવેલી પ્રાકૃતિક ખેતીનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત બાદ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રશાસનિક જવાબદારીઓની વ્યસ્તતા વચ્ચે પણ પર્યાવરણ સંરક્ષણના ધ્યેય સાથે પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ એસપીશ્રીની સંવેદનશીલતા અને સામાજિક પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આવી પ્રેરણાદાયી પહેલ સમાજના દરેક વર્ગ માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. રાજ્યના તમામ ખેડૂતોને સ્વસ્થ જમીન અને નિરોગી જીવનના નિર્માણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવી સમૃદ્ધ ગુજરાતના સંકલ્પમાં સહભાગી થવા  અપીલ કરી હતી.

---